RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 253, Dt.14-12-2023 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સંસદની સુરક્ષા ભેદનારાઓ ભગતસિંહ ફેન કલબના સભ્યો



**લલિત ઝા માસ્ટ માઈન્ડ, હાલ મૈસુરમાં તેઓની બેઠક યોજાઈ હતીઃ ઝાએ ગઈકાલના વિડિયો પણ ઈન્સ્ટ્રાગ્રામ પર અપલોડ કર્યા હતા, હાલ ફરારઃ શિક્ષિત આરોપીનું બ્રેઈનવોશ કરાયું, તેઓ અગાઉ કોઈ સંગઠન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા કે કેમ ? તે અંગે તપાસ થશે**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સંસદ ભવનમાં અને બહાર સ્મોક સ્ટીકની અફડાતફડી ફેલાવનાર ચાર યુવકોની પુછપરછ માટે તેઓ લાંબા સમયથી એકબીજાના સંપર્કમાં હોવાનું બહાર આવ્યુ છે અને તેમાં થોડા માસ પુર્વે મૈસુરમાં મળ્યા પણ હતા. તેઓ તમામ નભગતસિંહ ફેન કલબથ નામના એક સોશ્યલ મીડીયા ફેસબુકના પેજમાં પણ સભ્ય હતા અને આ એજ નાસી છુટેલા છઠ્ઠા આરોપી લલિત ઝાએ તૈયાર કર્યુ હતુ જે આ ષડયંત્રમાં મુખ્ય ચહેરો હોવાનું બહાર આવ્યું છે. તેણે ગઈકાલની ઘટનાના જેમાં નીલમ ધુમાડાની વચ્ચે બેઠી છે તે વિડીયો પણ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અપલોડ કર્યો હતો.

અને તેની છેલ્લી પોષ્ટમાં ભારતને હવે જે જોઈએ છે તે નબોમ્બથ છે તેવું પણ લખ્યુ હતું. પોલીસ તથા અન્ય ટીમ હવે તમામ શિક્ષિત અપરાધમાં બેકગ્રાઉન્ડ પણ ચકાસી રહ્યા છે. તેઓ ભૂતકાળમાં કોઈ પ્રવૃતિ કે સંગઠનમાં સામેલ હતા કે કેમ તે પણ ચકાસાઈ રહ્યું છે. તેઓએ અગાઉ સંસદભવનની મુલાકાત લીધી હતી કે કેમ તે પણ તપાસાશે. દિલ્હી પોલીસે આ તપાસ પર હાલ અત્યંત કડક અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ અને તેની સંબંધીત ધારા હેઠળ ફરિયાદ દાખલ કરી છે. જેમાં સંસદ ભવનની સુરક્ષાનો ભંગ મુખ્ય આરોપી છે. તેઓ ઝીરો અવર્સ સમયે આ કૃત્ય કર્યુ હતું. તેમાં સંસદના સુરક્ષા ઓથોરીટીની પણ તપાસ થશે.

## લલિત ઝાએ ઈન્સ્ટાગ્રામ પર કરી પોસ્ટઃ ભારતને હવે બોમ્બ જોઈએ છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગઈકાલના સંસદ પરના હુમલામાં માસ્ટર માઈન્ડ લલિત ઝાએ તેના સોશ્યલ મીડીયા ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર છેલ્લી પોષ્ટમાં ગઈકાલના દ્રશ્યોના વિડીયો અપલોડ કરતા એવું પણ લખ્યું કે હવે ભારતને જ જોઈએ છીએ તે 'બોમ્બ' છે તેવું દર્શાવ્યું છે. આમ પોલીસ માને છે કે તેઓ કદાચ કોઈ ઉગ્રવાદી વિચારધારા સાથે પણ જોડાયા હતા.''

## અમદાવાદથી અયોધ્યા વચ્ચે તા.૧૧ જાન્યુઆરીથી નોન સ્ટોપ ફલાઈટ

**૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રામ લલ્લા મંદિરમાં સ્થાપિત કરાશેઃ ભવ્ય સમારંભને નિહાળવા દેશ વિદેશથી મોટી સંખ્યામાં લોકો અયોધ્યા પહોંચશે**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અયોધ્યામાં રામમંદિર તૈયાર થવાની અણીએ છે ત્યારે રામલલ્લાની મંદિરમાં સ્થાપના કરવાને લઈને જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રામ લલ્લા મંદિરમાં સ્થાપિત કરાશે તેવી પણ માહિતી છે. આ સૌની વચ્ચે ભવ્ય સમારંભને નિહાળવા દેશ વિદેશથી મોટી સંખ્યામાં લોકો અયોધ્યા પહોંચશે. ગુજરાતથી આ કાર્યક્રમમાં સામેલ થવા જનારા લોકોને લઈને એક સારા સમાચાર આવ્યા છે.



માહિતી અનુસાર ગુજરાતથી પણ અનેક સંતો-મહંતો અને ભક્તો અયોધ્યા જવાનું પ્લાનિંગ કરી રહ્યા છે ત્યારે અમદાવાદના એરપોર્ટથી અયોધ્યા સુધી નોન સ્ટોપ ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ફ્લાઈટનું સંચાલન ૧૧ જાન્યુઆરીથી થશે. ઈન્ડિગો એરલાઇન્સ દ્વારા આ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જેમાં ભક્તોને અમદાવાદથી સીધા અયોધ્યા પહોંચવામાં સરળતા રહેશે.

માહિતી અનુસાર આ ડાયરેક્ટ ફ્લાઈટનું સંચાલન અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટથી થશે અને ફ્લાઈટનું ઉતરાણ અયોધ્યાના મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ એરપોર્ટ પર થશે. આ ફ્લાઈટ માટે ભક્તોએ મહત્તમ ભાડું ૩૯૯૯ જ ચૂકવવાનું રહેશે. ફ્લાઈટ ઓછામાં ઓછા ૧ કલાક અને ૫૦ મિનિટમાં લોકોને અયોધ્યા પહોંચાડી દેશે.

## હોમ લોન ૪-૬ મહિનામાં ૦.૪૦% સુધી સસ્તી થઇ

**બેન્કિંગ સેક્ટરમાં સતત વધેલી સ્પર્ધા કારણભૂત**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

છેલ્લા ૪-૬ મહિનામાં હોમ લોનના દરમાં ૦.૪૦%નો ઘટાડો થયો છે. આ રાહત બેન્કિંગ સેક્ટરમાં વધેલી સ્પર્ધાનું પરિણામ છે. આરબીઆઈ દ્વારા કોઈ છૂટછાટ આપવામાં આવી નથી. રિઝર્વ બેંકે રેપો રેટને ૧૦ મહિના માટે ૬.૫૦%ના ઉચ્ચ સ્તરે સ્થિર રાખ્યો છે.



બેંકો આ દરે આરબીઆઈ પાસેથી લોન લે છે. મે ૨૦૨૨થી આ વર્ષે ફેબ્રુઆરી વચ્ચે, રિઝર્વ બેંકે રેપો રેટમાં ૨.૫૦% નો વધારો કર્યો હતો. આ કારણે મોટાભાગની બેંકોના હોમ લોનના વ્યાજ દર ૯% અથવા તેનાથી ઉપર થઈ ગયા હતા. કેટલીક બેંકોના દર ૯.૬૫% સુધી પહોંચી ગયા હતા.

હોમ લોન ૮.૫૦% થી ઓછી કિંમતે ઉપલબ્ધ ન હતી. પરંતુ છેલ્લા ચાર મહિનામાં રેટ ઘટીને ૦.૨૦-૦.૪૦% પર આવી ગયા છે. બેંક બઝાર ડોટ કોમના અહેવાલ મુજબ હવે મોટાભાગની બેંકોના હોમ લોન પર લઘુત્તમ વ્યાજ દર ૮.૩૦-૮.૬૦% ની રેન્જમાં આવી ગયા છે.

## દસ્તાવેજ પર મહોર નહીં લાગી હોય તો પણ સમજૂતિ કાયદેસરની ગણાશેઃ સૂપ્રીમનો મહત્વનો ફેંસલો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જો કરાર પર મુદ્રા ન હોય અથવા અપૂરતી હોય, તો પણ બંને પક્ષો વચ્ચે મધ્યસ્થી કરવાની શરત લાગુ પડશે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની સાત ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે બુધવારે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે બિનપ્રસ્ટેમ્પિંગ અથવા અપૂરતી સ્ટેમ્પિંગ એ એક ખામી છે જેને સુધારી શકાય છે. માત્ર આના કારણે કોન્ટ્રાક્ટ રદ કરી શકાતો નથી. આ વર્ષે ૨૫ એપ્રિલના તેના નિર્ણયને ઉલટાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે કોર્પોરેટ જગત અને અન્ય પક્ષો વચ્ચે થયેલા કરારો પર તેની વ્યાપક અસર પડી શકે છે, જેમાં આર્બિટ્રેશનની શરત રાખવામાં આવી છે.

વાસ્તવમાં, કોઈપણ કરારમાં આર્બિટ્રેશનની શરત સામાન્ય રીતે કરારના પક્ષકારો વચ્ચેના પરસ્પર વિવાદોને ઉકેલવા માટે રાખવામાં આવે છે. સર્વસંમત નિર્ણયમાં, બંધારણીય બેન્ચે કહ્યું કે આર્બિટ્રેશન ક્લોઝ ધરાવતા




કરારની માન્યતાને બિન-સ્ટેમ્પિંગ અથવા અપૂરતી સ્ટેમ્પિંગ સાથે કોઈ લેવાદેવા નથી. CJI ચંદ્રચુડ, જસ્ટિસ સંજય કિશન કૌલ, જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ સૂર્યકાન્ત, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બનેલી બેન્ચે ચુકાદામાં કહ્યું કે જે કરારો સ્ટેમ્પ નથી અથવા અપૂરતી સ્ટેમ્પ છે તે કરારની શરૂઆતથી રદબાતલ નથી. ગણી શકાય. સાતમા જજ જસ્ટિસ સંજીવ ખન્નાએ અલગ નિર્ણય લખ્યો હતો.

બેન્ચે એ પણ સ્પષ્ટ કર્યું છે કે જો કરાર સ્ટેમ્પ વગરનો હોય અથવા સ્ટેમ્પ અપૂરતો હોય તો તે સ્ટેમ્પ એક્ટની કલમ ૩૫ હેઠળ પુરાવામાં સ્વીકાર્ય ન હોઈ શકે. પરંતુ, તે જ કારણસર, કરાર કરવામાં આવ્યો હતો ત્યારથી તેમની રદ્દીકરણને રદબાતલ અથવા રદબાતલ ગણી શકાય નહીં. એટલું જ નહીં, આર્બિટ્રેશન એન્ડ કોન્સિલિએશન એક્ટની કલમ ૮ અથવા ૧૧ હેઠળ સ્ટેમ્પ અંગેના વાંધાને પણ ધ્યાનમાં લઈ શકાય નહીં.

## રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈ-વે બન્યો રકતરંજીત

# માલિયાસણ પાસે ટ્રક, બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માતઃ ૪ના મોત

**સવારે અમદાવાદ તરફથી આવતી અર્ટીગા કાર, બલેરો કાર ટ્રક પાછળ ઘુસી જતાં અકસ્માત સર્જાયોઃ મૃતદેહો બહાર કાઢવા કટ્ટર અને ક્રેઈન બોલાવી પડીઃ રાહદારીઓના ટોળા એકઠા થઈ જતાં ટ્રાફિકજામ**









**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે નેશનલ હાઈ-વે વહેલી સવારે રકતરંજીત બન્યો હતો. બે કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત થતાં ચાર વ્યક્તિઓના મોત નિપજયા હતાં. આ બનાવના પગલે રાહદારીઓના ટોળા એકઠા થયા હોય જેથી ટ્રાફિકજામ થઈ ગયો હતો. અકસ્માતમાં બંને કાર બે ટ્રક વચ્ચે સેન્ડવીચ બની ગઈ હતી અને મૃતદેહો બહાર કાઢવા લોકોને ક્રેઈન અને કટ્ટરનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી.

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈ-વે પર માલિયાસણ ગામ પાસે સવારે એક ટ્રક અને બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા રાજકોટ પાર્સિંગ જી.જે.૩ ૨૦૩૨ નંબરની કાર અને એક સુરેન્દ્રનગર પાર્સિંગ જી.જે.૧૩ એ-આર ૭૩૫૩ નંબરની બંને કારનો બુકડો બોલી ગયો હતો અને કારમાં બેઠેલાં ત્રણ વ્યક્તિઓના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયા હતાં. જયારે રાજકોટના મનહર પ્લોટ વિસ્તારમાં રહેતા હિરેનભાઈ વશરામભાઈ સગપરિયા નામના

### ટ્રક નીચે એક કાર ફસાઈ જતાં ક્રેઈન મગાવી કટ્ટરથી પતરા કાપી મૃતકોની લાશ બહાર કઢાઈ

અકસ્માતમાં કાર ટ્રક નીચે ફસાય ગઈ હોવાથી રાજકોટ ફાયરબ્રિગેડની મદદ લેવામાં આવી હતી. જ્યાં પહોંચી ફાયર વિભાગની ટીમે મશીનરીની મદદથી પતરા કાપીને બહાર કાઢવામાં આવી હતી જ્યારે મૃતદેહને પણ સ્થાનિક લોકો તેમજ આસપાસમાંથી પસાર થતા વાહનચાલકો દ્વારા મહામહેનતે બહાર કાઢવામાં આવ્યા હતાં. ઉલ્લેખનીય છે કે, આ અકસ્માતમાં ભરતભાઈ સોલંકી અને નીખીલભાઇ સાગઠિયા સહિતનાઓને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

૪૫ વર્ષીય યુવાનને ગંભીર ઈજા થતાં સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં તેઓને સારવાર મળે તે પહેલાં જ તેનું પ્રાણ પંખીડુ ઉડી ગયું હતું. તેનો મૃતદેહ સિવિલ હોસ્પિટલે પહોંચ્યો હતો. આ ગંભીર અકસ્માત બનતાં નેશનલ હાઈ-વે પર માલિયાસણ પાસે વાહનોના થપ્પા લાગી ગયા હતા અને રાહદારીઓ ઉભા રહી બંને કારમાં ફસાયેલાં મૃતદેહો બહાર કાઢવા કવાયત શરૂ કરી હતી ત્યારે લોકોએ ક્રેઈન અને કટ્ટરનો ઉપયોગ કરી બે કારમાં ફસાયેલાં અન્ય ત્રણ વ્યક્તિઓના મૃતદેહ બહાર કાઢયા હતાં. આ મૃતકની ઓળખ મેળવવા પોલીસે તજવીજ શરૂ કરી છે.

કુવાડવા પોલીસના પીએસઆઈ જે.કે. પાંડાવદરા, એએસઆઈ અરવિંદભાઈ મકવાણા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી જઈ મૃતકોના વાલીવારસનો સંપર્ક કરવા તજવીજ હાથ ધરી હતી અને પોલીસે ટ્રાફિક હળવો કરવા કવાયત શરૂ કરી હતી.


### મૃતકોના વાલીવારસની શોધખોળ, નામ ઓળખાયા

હિરેનભાઈ સગપરિયા તથા તેમના મિત્રો અટીકા વિરાણી અઘાટ પાસે નહેરૂનગરમાં રહેતાં ભરતભાઇ ખીમજીભાઇ સોલંકી (ઉં.વ.૪૮), તેમનો પુત્ર પાર્થ ભરતભાઈ સોલંકી (ઉં.વ.૨૦) સહિતના ચાર લોકો કાર લઈને ચોટીલા બીજ નિમીતે દર્શન કરવા ગયા હતા. પરત આવતી વખતે આ અકસ્માત થયો હતો. જેમાં હિરેનભાઈનું રાજકોટ તથા પાર્થનું ઘટનાસ્થળે મોત નીપજ્યું છે. જ્યારે અન્ય એક સુરેન્દ્રનગરના મૃતક હેમેન્દ્રસિંહ જાડેજા હોવાનું સામે આવ્યું છે. ચોથા મૃતકની ઓળખ મેળવવા પોલીસે તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં મહિલાનું હળવા પેરાલીસીસના એટેક બાદ મૃત્યુ

## મૃતકના પરિવારજનો દ્વારા તબીબી બેદરકારીનો આક્ષેપ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના મયુર નગર વિસ્તારમાં રહેતી મહિલાને પેરાલીસીસનો હળવો એટેક આવ્યા પછી સૌપ્રથમ ખાનગી હોસ્પિટલ અને ત્યારબાદ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી, જ્યાં સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ નીપજ્યું છે. તબીબી બેદરકારીના કારણે તેનું મૃત્યુ થયાનો પરિવારજનો દ્વારા આક્ષેપ કરાતાં હોસ્પિટલ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

જામનગરમાં મયુરનગર વિસ્તારમાં રહેતી શીતલબેન કિરીટભાઈ વાડોલીયા નામની ૩૮ વર્ષની યૂવતી કે જેને ગત ૭.૧૨.૨૦૨૩ના દિવસે પોતાના ઘેર પેરેલીસીસનો એટેક આવ્યો હોવાથી તેણીને સૌ પ્રથમ જામનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી, જ્યાં ત્રણ દિવસની સારવાર બાદ તારીખ ૧૦. ૧૨.૨૦૨૩ના દિવસે તેણીને વધુ સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ નિપજ્યુ હતું.આ બનાવ અંગે મૃતકના પરિવારજનોએ તબિબની બેદરકારીનાં કારણે તેણીનું મૃત્યુ થયું હોવાનો આક્ષેપ કરાયો હોવાથી હોસ્પિટલ વર્તુળમાં ભારે દોડધામ થઈ ગઈ હતી. દરમ્યાન પોલીસને જાણ કરાતા મામલે તપાસ કરવામાં આવી રહી છે.

# જામનગરમાં જૂના રેલવે સ્ટેશન પાસે ત્રણ દુકાનમાં તસ્કરો ત્રાટક્યા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના જૂના રેલવે સ્ટેશન પાસે ઝૂલેલાલ મંદિર સામે આવેલી પ્રોવિઝન સ્ટોર્સ તેમજ ઈલેક્ટ્રીક-અગરબત્તીની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. એક દુકાનની છતમાં સિમેન્ટના પતરાને તોડી અંદર ઉતરેલા તસ્કરે કેટલીક રોકડ, કાજુ-બદામ સહિતની ચોરી કરી છે અને બાજુમાં આવેલી દુકાનમાં તાળા તોડી હાથફેરો કર્યો છે. તે ઉપરાંત બાજુમાં જ મીઠાઈની એક દુકાનમાં પણ ઉતરવાનો તસ્કરોએ પ્રયાસ કર્યો છે. ચોરીની આજે સવારે દુકાને આવેલા વેપારીઓને જાણ થતાં પોલીસને વાકેફ કરાઈ હતી. દોડી ગયેલી પોલીસ ટીમે ત્યાં મુકવામાં આવેલા સીસીટીવી કેમેરા ચકાસવા સહિતની તપાસ પ્રક્રિયાઓ શરૂ કરી છે. જિલ્લા પોલીસવડાના નિવાસ સ્થાનની પાછળ જ આવેલી આ દુકાનોમાં તસ્કરોએ ચોરી કરી પોલીસને પડકાર ફેંક્યો છે.જામનગરના જૂના રેલવે સ્ટેશન પાસે આવેલી ગીતા લોજ નજીકની અને ઝૂલેલાલ મંદિર સામેની ખોડિયાર ઈલેક્ટ્રીક-અગરબત્તી તેમજ બાજુમાં આવેલી ઝૂલેલાલ પ્રોવિઝન સ્ટોર્સ નામની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા છે. જિલ્લા પોલીસવડાના નિવાસસ્થાનની એકદમ પાછળ આવેલી આ દુકાનોમાં રાત્રિના સમયે તસ્કરોએ હાથફેરો કરી પોલીસને પડકાર ફેંક્યો છે.ત્યાં આવેલી ઝૂલેલાલ પ્રોવિઝન નામની દુકાનમાં છતમાં મુકવામાં આવેલા સિમેન્ટના પતરા તોડી તેમાંથી તસ્કરો અંદર ઉતર્યા પછી ખાંખાખોળા કરવામાં આવ્યા હતા. તે દુકાનના કાઉન્ટરમાંથી રોકડ રકમ તથા પરચૂરણની ઉઠાંતરી કરાઈ છે. તે ઉપરાંત આ દુકાનમાં રાખવામાં આવેલી કાજુ-બદામની બરણીઓ પણ તસ્કરોએ ખાલી કરી નાખી છે.તે દુકાન ઉપરાંત બાજુમાં આવેલી ખોડિયાર ઈલેક્ટ્રીક-અગરબત્તી નામની દુકાનમાં પણ તાળા તોડી ચોરી કરાઈ છે. તે પછી બાજુમાં જ આવેલી ઝૂલેલાલ સ્વીટ નામી દુકાનમાં પણ તસ્કરોએ પ્રવેશવાનો પ્રયાસ કરી તે દુકાનના પાછળના ભાગમાં પતરા ઉંચકાવ્યા છે.ચોરીની દુકાને આવેલા વેપારીઓને જાણ થતાં જ પોલીસને વાકેફ કરવામાં આવી છે. દોડી ગયેલી સિટી-બી ડિવિઝનની પોલીસ ટૂકડીએ પંચનામા સહિતની વિધિઓ કરવા ઉપરાંત દુકાનદારની ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. ત્રણેય દુકાનમાંથી કેટલા રોકડા રૂપિયાની ચોરી થઈ છે અને કેટલી મત્તા ગઈ છે? તેની ચકાસણી કરવામાં આવી રહી છે ત્યારે આ દુકાનોમાંથી અંદાજે અડધા લાખની મત્તા ગઈ હોવાનું સ્થળ પરથી જાણવા મળી રહ્યું છે. જિલ્લા પોલીસવડાના નિવાસસ્થાન પાછળ જ એક સાથે ત્રણ દુકાનોમાં ત્રાટકી તસ્કરોએ પોલીસની ઉંઘ ઉડાડી દીધી છે. પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જેમાં ઝૂલેલાલ સ્વીટ નામની દુકાનમાં મૂકવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવા ઉપરાંત આજુબાજુમાં આવેલી અન્ય કેટલીક દુકાનોના અને પેટ્રોલપંપ સુધીના સીસીટીવી કેમેરા ચકાસાઈ રહ્યા છે.થોડા સમયથી શહેરમાં ચોરીઓના બનાવમાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે ત્રણ દુકાનમાં એક સાથે ચોરી થયાના બનાવે વેપારી વર્ગમાં ભય પ્રસરાવી દીધો છે. આ વિસ્તારમાં છેલ્લા પાંચેક વર્ષથી ચોરીની રંજાડ વધી છે. અગાઉ પણ ઝૂલેલાલ સ્વીટ સહિતની દુકાનોમાં તસ્કરો હાથફેરો કરી ચૂક્યા છે. તે પછી વધુ એક વખત ચોરીનો બનાવ બન્યો છે.

# હાલારમાં રખડતા શ્વાનોનો બેફામ આતંક

## કલ્યાણપુરના વિરપરમાં ચાર વર્ષના માસુમ બાળક પર શ્વાને હુમલો કરતા મોઢા અને આંખના ભાગે બચકા ભરતા ગંભીર ઈજા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર ઉપરાંત ગ્રામ્ય પંથકમાં રખડતા શ્વાનોના હુમલાના બનાવો અવિરતપણ વધી રહયા છે ત્યારે દેવભુમિ દ્વારકાના કલ્યાણપુરના વિરપરમાં ચાર વર્ષના માસુમ બાળક પર શ્વાને હુમલો કરતા મોઢા અને આંખના ભાગે બચકા ભરતા ગંભીર ઈજા થવાથી ખંભાળિયા બાદ વધુ સારવાર માટે જામનગરની હોસ્પીટલમાં ખસેડાયો છે.હાલારમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા શ્વાનોના હુમલાના બનાવોમાં ખાસ્સો વધારો જોવા મળે છે.દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના વિરપરમાં એક પરીવારના ઘરના ફળીયામાં માસુમ બાળક વિશ્વાસ (ઉ.વ. ૦૪) રમી રહયો હતો જે વેળાએ અચાનક ઘર અંદર ધસી આવેલા શ્વાને તેના પર હુમલો કરી દિધો હતો. જેમાં મોઢા અને આંખના ભાગે માસુમ બાળકને શ્વાને બચકા ભરી લીધા હતા.આ બનાવના પગલે દેકારો બોલી જતા પરીવાર ઉપરાંત આજુબાજુના લોકો પણ દોડી આવ્યા હતા.શ્વાનના આ હુમલાના કારણે લોહીલુહાણ હાલતમાં ઘવાયેલા બાળકને સારવાર માટે ખંભાળિયાની સરકારી હોસ્પીટલમાં લઇ જવાયો હતો. જયાં તેને તબીબો દ્વારા મોઢાના ભાગે સાત ટાંકા,ઈન્જેકશન સહિતની સારવાર અપાઇ હતી.જે દરમિયાન માસુમ બાળકને આંખના ભાગે ગંભીર ઇજા હોવાથી વધુ સારવાર માટે જામનગરની જી. જી. હોસ્પીટલમાં લઇ જવાયો હતો. જયાં તેને આંખના સર્જરી વિભાગમાં દાખલ કરી સઘન સારવાર અપાઇ રહી છે.

# રાજુલાના છાપરી ગામે ભૂતપૂર્વ શિક્ષકો અને વિદ્યાર્થીઓના સ્નેહમિલનનુ આયોજન કરાયુ





**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા તાલુકાના છાપરી ગામે પ્રાથમિક શાળા ખાતે શાળાના ભૂતપૂર્વ શિક્ષકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલનસુંદર આયોજન કરવામા આવેલ જેમા ગામના સરપંચ,ઉપસરપંચ,શાળા એસએમસીના સભ્યો અને ગ્રામજનો તેમજ બાજુના ગામની શાળાના શિક્ષકોએ બહોળી સંખ્યામા હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ તેમજ ભૂતપૂર્વ શિક્ષકોના સામૈયા સાથે કાર્યક્રમની શરૂઆત કરાતા વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરાઈ હતી ત્યારબાદ ભૂતપૂર્વ શિક્ષકોના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા.આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ શિક્ષકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા શાળાના વિકાસ માટે એક મોટું ઝેરોક્ષ મશીન અને એક મોટી માઈક સિસ્ટમ શાળાને ભેટ આપી સરાહનીય કાર્ય કર્યું હતુ જ્યારે ભીખુભાઈ દેવગાણિયા અને ભદ્રાબેને શિક્ષકની ભૂમિકા અને ગુરુ શિષ્ય વચ્ચેના સંબંધોનો ઉલ્લેખ કરી પ્રાસંગિક પ્રવચન આપી કાર્યક્રમની શોભા વધારેલ અને સ્નેહમિલન કાર્યક્રમનુ એન્કરિંગ મનસુખભાઈ તરસરીયા અને કિપાલભાઈ દ્વારા તેમજ આભારવિધિ જાદવભાઈ કલસરિયા દ્વારા કરી સમગ્ર કાર્યક્રમને શાળાના આચાર્ય હરેશભાઈ નાડિયા,જાદવભાઈ કલસરિયા, હેમાંક્ષીબેન ભાભોર અને છાપરી ગામના યુવાનો તેમજ આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી સફળ બનાવેલ.

# જીએમ ઈલેક્ટ્રીક એન્ડ લાઈટિંગ દ્વારા ગિરનારી કાવાનું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, કૌશલ સોલંકી**

**ધોરાજી:** શહેરના જેતપુર રોડ ખાતે ગિરનારી કાવાનું વિનામૂલ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શિયાળાની ઋતુ શરૂ થતાં વાયરલ ઈન્ફેક્શનથી બચવા આ ગિરનારી કાવાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાલધાસાહેબના માર્ગદર્શનથી કાવો બનાવવામાં આવ્યો હતો જેમાં વિવિધ ઔષધીથી આ ઉકાળો બનાવવામાં આવ્યો હતો આજથી ત્રણ દિવસ સુધી આકાવાનો વિના મૂલ્ય વિતરણ કરવામાં આવશે અને ગિરનારી કાવો પીવા માટે લોકોઉમટી પડ્યા હતા અને અમભાઈ ગોપાલભાઈ બાદલભાઈ રાજુભાઈ શૈલેષભાઈ જય ભાઈ હાજર રહ્યા હતા અને ભારે જહેમત ઉઠાવી હતી.

# મોરબી જીલ્લામાં અપમૃત્યુના ચાર બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં ચાર અપમૃત્યુના બનાવ પોલીસ ચોપડે નોંધાયા છે. જેમાં એક મહિલા તથા ત્રણ પુરુષોના મૃત્યુ થયાનું સામે આવ્યું છે.

અપમૃત્યુના પ્રથમ બનાવમાં રીતલાલ રામનિવાસ યાદવ ઉવ.૨૭ રહે. બ્રોમો સીરામીક વઘાસીયા ટોલનાકા પાસે, તા.વાંકાનેર જી.મોરબી મુળ રહે-તીલકપરા, અમાહરા, પટના (બિહાર)વાળો મોરબી તાલુકાના ઉંચી માંડલ ગામની સીમ, પર્થ સીરામીક સામેથી પસાર થતી નર્મદા પાણીની કેનાલમા ફુલ પ્રવાહ જતો હોય જેમા નહાવા પડતા પાણીના પ્રવાહમા તણાય જતા કેનાલના પાણીમાથી ડુબી ગયેલ હોય જેને બહાર કાઢી મૃતદેહને પીએમ માટે મોરબી સરકારી હોસ્પિ. ખાતે ખસેડેલ છે. સમગ્ર બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ. મોત અંગેની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં માળીયા(મી)ના નવા અંજીયાસર ગામે રહેતી યુવતી હસીનાબેન અબ્દુલભાઇ હબીબભાઇ માણેક ઉવ-૧૮ એ પોતાના ઘરે પોતાની જાતે ગળેફાસો ખાઈ આપઘાત કરી લેતા તેનું મોત નીપજ્યું હતું જે બનાવ બાબતે માળીયા(મી) પોલીસે નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

અપમૃત્યુના ત્રીજા બનાવમાં મૃતક દિલિપભાઇ ધુળાભાઇ નાયક ઉવ.૪૦ રહે.હાલ અજીતગઢ ગામની સીમ મુળ રે.મહાપુરા વિઠલભાઇ પટેલની વાડીએ તા.સાવલી જી.વડોદરાવાળો ગત તા. ૧૨/૧૨ના રોજ હળવદ તાલુકાના અજીતગઢ તથા ખોડ ગામ વચ્ચે નીકળતી માળીયા બ્રાંચની નર્મદા કેનાલમા ન્હાવા જતા અકસ્માતે નર્મદા કેનાલમા પાણીમા પડી જતા પાણીમા ડુબી જતા મરણ ગયેલ હતો. ત્યારે સમગ્ર બનાવ મામલે હળવદ પોલીસ મથકમાં અ. મોત અંગે નોંધ કરી આગળની તપાસ હળવદ પો.સ્ટે. એ.એસ.આઇ જી.પી.ટાપરીયા ચલાવી રહ્યા છે.

જયારે ચોથા બનાવમાં અનિલભાઇ દેવજીભાઇ રાતોજા ઉવ-૨૫ રહે-સાપકડા તા-હળવદ જી-મોરબી ગત તા. ૦૨/૧૨ ના રોજ હળવદ તાલુકાના સાપકડા ગામની સીમમાં આવેલ ભરતભાઈ ચતુરભાઈની વાડી કે જે મૃતક યુવાને વાવવા રાખેલ હોય, જ્યાં વાડીએ જીરાના પાંકમા દવા છટકાવ કરવાનુ કામ કરતી વખતે તેને પાણીની તરસ લાગતા ભુલથી પાણીના બદલે દવાવાળુ પાણી પી જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. જે બનાવ બાબતે તેમના ભાઈ સુનિલભાઇ દેવજીભાઇ રાતોજા દ્વારા હળવદ પોલીસ મથકમાં જાહેર કરતા હાલ પોલીસ અ.મોત રજી. કરી તપાસ હાથ ધરી છે.

# જામનગર જિલ્લા રાજપૂત સમાજના હોદ્દેદારોની વરણી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા રાજપૂત સમાજના હોદ્દેદારોની નવી બોડીની રચના થઈ છે . જિલ્લા સહકારી બેંકના ચેરમેન પી.એસ.જાડેજાની વરણી રાજપૂત સમાજના પ્રમુખ તરીકે થઈ છે . સાથેસાથે ઉપપ્રમુખ તરીકે નવલસિંહ પી . જાડેજા તથા ગીરૂભા એમ . જાડેજાની વરણી સેક્રેટરી તરીકે તેમજ જોઈન્ટ સેક્રેટરી તરીકે પ્રવિણસિંહ કે .જાડેજાની વરણી થઈ છે .સમગ્ર સમાજે આ વરણીઓને આવકારી છે

# ઉપલેટા તાલુકા સમસ્ત આહિર સમાજ સમુહ લગ્ન સમિતિ દ્વારા તૃતીય સમૂહ લગ્નનું ભવ્ય આયોજનઃ વીસ નવદંપતીઓ પ્રભુતામાં પગલાં માંડશે

## આહીર સમાજના પુરૂષો અને મહિલાઓ પરંપરાગત પહેરવેશમાં હજારોની સંખ્યામાં જોડાશેઃ ઠાઠ માઠ સાથે શહેરમાંથી નીકળશે વરઘોડો





**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

**ઉપલેટા:** આગામી તારીખ ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ ને શુક્રવારના રોજ ઉપલેટા તાલુકા સમસ્ત આહીર સમાજના સમસ્ત આહીર સમાજ સમૂહ લગ્ન સમિતિ ઉપલેટા દ્વારા તૃતીય સમુહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં ઉપલેટા શહેરના પોરબંદર રોડ ઉપર આવેલ કૃષ્ણ કેક ઓઈલ મિલના વિશાળ ગ્રાઉન્ડમાં ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આહીર સમાજના હોદ્દેદારો, આગેવાનોના માર્ગદર્શન હેઠળ સમાજના યુવાનો સહિતના સૌ કોઈ કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે ઉપલેટા યોજાઈ રહેલ આ સમૂહ લગ્નના પાવન અવસરોમાં જાન આગમન બપોરે ત્રણ કલાકે ઉપલેટા શહેરમાં આવેલ ચંદ્રવાડીયા તથા બારૈયાના શ્રી ખોડીયાર મંદિરેથી પરંપરાગત પહેરવેશમાં આહીર સમાજના પુરૂષો અને મહિલાઓ ઠાઠ માઠ સાથે જોડશે જાનનો વરઘોડો નીકળશે. આ વરઘોડો ઉપલેટા શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી લગ્ન સ્થળે પહોંચશે. આ વરઘોડામાં લગ્ન સ્થળે જાનૈયા સહિત સમસ્ત આહેર સમાજના ભાઈઓ બહેનો યુવાનો આહિરોના પરંપરાગત પહેરવેશ સાથે જોડાશે. આ વરઘોડો સાંજે પાંચ કલાકે લગ્ન સ્થળે પહોંચશે ત્યાં જાનના સામૈયા થશે ત્યારબાદ રાત્રે હસ્ત મેળાપ અને ભોજન સમારંભ યોજાશે. આ સાથે રાત્રિના સમયે લગ્ન સ્થળ પર કાનગોપીનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

# જામનગરના ઈન્દીરા કોલોની વિસ્તારમાં ડમ્પરના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ડમ્પર રોડની નીચે ઉતરી મકાનની આગળ વાડામાં ઘુસી ગયુ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ઇન્દીરા કોલોની વિસ્તારમાં એક ડમ્પરના ચાલકે સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતા ડમ્પર રોડની નીચે ઉતરી મકાનની આગળ વાડામાં ઘુસી ગયુ હતું અને ત્યાં દીવાલને નુકશાન કર્યુ હતું, બનાવ સ્થળ પાસે કોઇ હાજર ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી, આ વેળાએ આજુબાજુના લોકો એકત્ર થઇ જતા ચાલક ડમ્પર મુકી ભાગી છુટયો હતી જેની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

# જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ગંદકી કરતા આસમીઓ-ધંધાર્થીઓ પાસેથી દંડની વસૂલાત









**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા ''સ્વચ્છતા હી સેવા'' કાર્યક્રમ અંતર્ગત આજ રોજ તા૧-૧૧-૨૦૨૩ થી તા.૧૨-૧૨-૨૦૨૩ સુધી માં જાહેરમાં કરવામાં આવતું ન્યુસન્સ ઘટાડવાના ભાગ રૂપે શહેરમાં તમામ વિસ્તારમાં જાહેર માં ધંધો રોજગાર વ્યવસાય કરતા આસામીઓ વેપારીઓ ને પોતાના ધંધા ના સ્થળ આસ પાસ સફાઈ રાખવા, ડસ્ટબીન રાખવા, સૂકો અને ભીનો કચરો અલગ રાખવા માટે તમેજ જ્યારે ડોર ટુ ડોર કલેક્શન વાહન આવે ત્યારે તે વાહનમાં જ કચરો આપવા માટે જરૂરી સૂચનો અને માહિતગાર કરવામાં આવ્યા હતા ત્યારે બાદ શહેરના તમામ વિસ્તારો માં જાહેર માં ન્યુસન્સ,ગંદકી કરતા કુલ ૧૫૫૯ આસમીઓ પાસે થી જાહેરમાં ન્યુસન્સ કરવા બદલ વહીવટી ચાર્જ રૂ.૧,૮૮,૯૫૦ નો દંડ વસુલ લેવામાં આવેલ. આ કામગીરી દરમિયાન ઘણા ધંધાર્થી,આસમીઓ સાથે દંડ નહીં ભરવા માટે ઘર્ષણો થવા પામે છે.આમ છતાં આગામી સમયમાં આ ઝુબેંશ વધુ સઘન બનાવી દંડનાત્મક કાર્યવાહી ઉપરાંત ડીફોલ્ડરોની મિલ્કતો સીઝ કરી, ફોજદારી રાહે કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની દરેક વેપારીઓ, વિક્રેતાઓ, ધંધાર્થીઓ,દુકાન ધારકોને મનપા કમિશ્નર દ્વારા તાકીદ કરવામાં આવે છે.

# જામનગરમાંથી નશાની હાલતમાં વાહન ચલાવતા ત્રણ શખ્સ સામે નોંધાયો ગુન્હો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સુભાષ માર્કેટ વિસ્તારમાંથી બે શખ્સને નશાની હાલતમાં વાહન ચલાવતા પોલીસે પકડી પાડ્યા છે. જ્યારે ગોકુલનગર પાસેથી પણ એક સ્કૂટરચાલક નશાની હાલતમાં મળી આવ્યો છે. દિગ્વિજય પ્લોટ જામનગરમાં પોલીસે હાથ ધરેલા પેટ્રોલિંગ દરમિયાન સુભાષ શાક માર્કેટ નજીક આવેલી ભોઈ સમાજની વાડી પાસેથી મહેન્દ્ર વિરજીભાઈ નકુમ નામનો રાધેક્રિષ્ના પાર્કમાં રહેતો શખ્સ જીજે-૧૦-એઈ ૬૪૬૫ નંબરના સ્કૂટરમાં પસાર થતાં તેને રોકાવી પોલીસે ચેક કરતા આ શખ્સ નશાની હાલતમાં જણાઈ આવ્યો હતો. પોલીસે તેનું સ્કૂટર કબજે કરી ગુન્હો નોંધ્યો છે.સુભાષ શાક માર્કેટ નજીક આશાપુરા મંદિર પાસેથી પસાર થતાં જીજે-૩-બીઆર ૭૧૭૨ નંબરના હીરો મોટરસાયકલને પણ શકના આધારે રોકવામાં આવ્યું હતું. તેના પર જઈ રહેલો નાગેશ્વર પાર્કમાં રહેતો શાંતિભાઈ ભાણાભાઈ ગુજરીયા નામનો શખ્સ નશાની હાલતમાં જણાઈ આવ્યો હતો. તેનું મોટરસાયકલ પોલીસે ઝબ્બે લીધુ છે.

ગોકુલનગર પાસે સાયોના શેરી રોડ પરથી જઈ રહેલા જીજે-૧૦-ડીએસ ૫૪૯૪ નંબરના એક્સેસ સ્કૂટરને રોકાવી પોલીસે તેના ચાલક ભાગ્યરાજસિંહ જીતેન્દ્રસિંહ રાયજાદાની તલાશી લેતાં આ શખ્સ પણ નશામાં જણાઈ આવતા પોલીસે કાર્યવાહી કરી છે.

# ૧૫૦ ફૂટ રીંગ રોડ ઈંડાની લારીએ સામે જોવા બાબતે યુવાન પર છરી વડે હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાણે કથળી રહી હોય તેમ દીન પ્રતિદિન મારામારીની ઘટના બનવા પામી છે.ત્યારે ગઈકાલે દોઢસો ફુટ રીંગ રોડ મામા સાહેબના મંદિર નજીક રોયલ એગ ખાતે ઇંડાનો નાસ્તો કરવા ગયેલા યુવક પર એક શખ્સ દ્વારા સામુ જોવા જેવી નજીવી બાબતે છરી વડે હુમલો કરતા તેને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

વિગતો મુજબ ગોંડલ રોડ આંબેડકરનગર- ૨માં રહેતો ચિરાગ રમેશભાઈ મકવાણા (ઉ.વ.૨૩) રાતે સાડા અગિયારેક વાગ્યે દોઢસો ફુટ રીંગ રોડ મામા સાહેબના મંદિર નજીક રોયલ એગ ખાતે ઇંડાનો નાસ્તો કરવા બેઠો હતો ત્યારે તેને બીરજુ ઝાલા નામના શખ્સે અને અજાણ્યાએ ઢીકાપાટુનો માર મારી માથામાં છરીનો ઘા ઝીંકી, નાક પર અને આંખ પાસે પણ ઇજા પહોંચાડતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં રામશીભાઈ વરૂ અને તૌફિકભાઈ દ્વારા તાલુકા પોલીસને જાણ કરી હતી. ચિરાગના કહેવા મુજબ હું નાસ્તો કરતો હતો ત્યારે બીરજૂ ગાળો બોલી સામુ જોતો હોઈ તેને સામુ જોવાની ના પાડતાં હુમલો કર્યો હતો.હાલ પોલીસે બનાવ મામલે નોંધ કરી આગળની કાર્યવાહી હાથધરી છે.

# મોરબી બી ડિવિઝન પોલીસની કાર્યવાહીઃબે અલગ અલગ સ્થળે જુગારના દરોડામાં પાંચ પત્તાપ્રેમીઓને દબોચ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં દારૂ અને જુગારના દુષણને ડામવા મોરબી જીલ્લા પોલીસ પ્રયત્નશીલ હોય ત્યારે મોરબી બી ડિવિઝન પોલીસ દ્વારા બે જુદા જુદા સ્થળોએ દરોડા પાડી જુગાર રમતા પાંચ ઈસમોને રોકડા રૂપિયા ૬,૪૪૦/-સાથે ઝડપી લઇ તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુન્હો રજી. કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જેમાં પ્રથમ જુગારના દરોડામાં મોરબીના ઈન્દીરાનગર મંગલમ વિસ્તારની શેરીમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા હાજીભાઇ ઉમરભાઇ જામ ઉવ.૪૩ રહે.ઇન્દિરાનગર વાંજાબાપાની ડેરી પાસે મોરબી તથા શાકિરઅલી રમજાનઅલી શેખ ઉવ.૫૪ રહે.કાંતીનગર મસ્જીદ પાસે મોરબી-૨ ને જુગારના પટ્ટમાંથી રૂ.૨,૦૨૦/-સાથે ઝડપી લઇ અટકાયત કરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જુગારના બીજા દરોડામાં મોરબી-માળીયા હાઇવે ઉપર કાવેરી સીરામીક,શક્તિ સોસાયટી નજીક આવેલ ગેરેજ પાસે જાહેરમાં નસીબ આધારિત પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા સાઉદીનભાઇ ઓસ્માણભાઇ કટીયા ઉવ.૪૮ રહે.લાતીપ્લોટ શેરી નં.૪ મોરબી, જુસબભાઇ મામદભાઇ મોવર ઉવ.૫૩ રહે.શકતિનગર સોસાયટી કાવેરી સિરામિક પાછળ મોરબી માળીયા ને.હા.રોડ ઉપર મોરબી -૨, ગુલામહુશેન અભરામભાઇ મોવર ઉવ.૪૯ રહે.શકતિનગર સોસાયટી કાવેરી સિરામિક પાછળ કંડલા હાઇવે રોડ મોરબીને રોકડા રૂપિયા ૪,૪૨૦/-સાથે ઝડપી લઇ તમે વિરુદ્ધ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### રાજકોટ બાર એસોસિએશનની ચુંટણી ૨૦૨૩-૨૪ અંતર્ગત


# આસ્થાના કેન્દ્ર સમા ધાર્મિક સ્થળોએ આશિર્વાદ મેળવી પ્રચારના શ્રી ગણેશ કરતા સમરસ પેનલનાં ઉમેદવારો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના વકિલોના સંગઠન રાજકોટ બાર એસોસીએશનની ચુંટણી માં ભાજપ પ્રેરીત સમરસ પેનલના તમામ પદ પરના ઉમેદવારોએ લોકો જેના પ્રત્યે અપાર શ્રધ્ધા ધરાવે છે તેવા પવિત્ર ધાર્મિક સ્થળોએ શીશ નમાવી આશિર્વાદ મેળવી ચુંટણી પ્રચારનો આરંભ કરેલ છે. પ્રચારમાં જોડાયેલા તમામ ઉમેદવારોને ખૂબ પ્રચંડ સમર્થન અને આવકાર ઠેર ઠેરથી મળી રહયો છે. આજરોજ રાજકોટના આસ્થા ના કેન્દ્ર સમા બી.એ.પી.એસ મંદિર, કાલાવાડ રોડ, શ્રી રણછોડદાસ બાપુ આશ્રમ-કુવાડવા રોડ, શ્રી બાલક હનુમાન મંદિર-પેડક રોડ ખાતે તમામ સમરસ પેનલના ઉમેદવારોએ શીશ નમાવી ચુંટણી પ્રચારનો આરંભ કર્યો છે.

આજ રોજ પેડક રોડ, આશ્રમ રોડ, સંતકબીર રોડ, રણછોડનગર વિસ્તામાં આવેલ વકિલ મિત્રોની ઓફીસ ખાતે ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો જેમાં મતદાર વકિલોએ તમામ ઉમેદવારોને ઉમળકાભેર આવકાર આપી પ્રચંડ સમર્થન પાઠવ્યું






હતું. સમરસ પેનલ થકી પ્રમુખપદનાં ઉમેદવાર શ્રી કમલેશભાઈ શાહ, ઉપપ્રમુખ પદે શ્રી સુરેશભાઈ ફળદુ, સેક્રેટરી પદે પી.સી. વ્યાસ, જોઈન્ટ સેક્રેટરી પદે શ્રી જયેન્દ્રભાઈ ગોંડલીયા, ટ્રેઝરર પદે આર.ડી. ઝાલા, લાઈબ્રેરી સેક્રેટરીપદે શ્રી મેહુલ મહેતા, મહીલા અનામત કારોબારી સભ્યપદે શ્રીમતિ રેખાબેન લિંબાસીયા (પટેલ), કારોબારીનાં નવ સભ્યમાં સર્વેશ્રી અમિત વેકરીયા, સાગર હપાણી, ભાવેશ રંગાણી, કૌશલ વ્યાસ, પ્રવિણ સોલંકી, રણજીત મકવાણા, અજયસિંહ ચૌહાણ, નિકુંજ શુકલ, યશ ચોલેરા સહિતનાંને રાજકોટ બાર એસો. ક્રિમીનીલ બાર એસો., જુનીયર બાર એસો., મહિલા બાર એસો., એમ.એ.સીપી બાર એસો., યુવા લોયર્સ, લેબર બાર એસો, કન્ઝયુમર બાર એસો. રેલ્વે બાર એસો, ફેમીલી બાર એસો, રેવન્યુ બાર એસો, નોટરી બાર એસો, રેવન્યુ પ્રેક્ટીશ્નર બાર એસો, નોટરી પ્રેક્ટીશ્નર બાર એસો, ઇન્કમટેક્સ-સેલ્સ ટેક્સ બાર એસો, યુનિટી ઓફ લોયર્સ, એલ.એસ.એફ ગ્રુપ, વોઇસ ઓફ લોયર્સ સહીતના સીનીયર, જુનીયર મહિલા વકિલો જેમાં જોડાયેલા છે તેવા તમામ ગ્રુપોનું પ્રચંડ સમર્થન સમરસ પેનલના ઉમેદવારો ને મળી રહયું છે. ઉપરાંત સમાજના તમામ વર્ગો, ભાજપના હોદ્દેદારો અને કાર્યકર્તાઓનું સમર્થન પણ મળી રહયું છે. તેમ ભાજપ પદેશ લીગલસેલના સહ-સંયોજક અનિલભાઇ દેસાઇ, કારોબારી સભ્ય કિશોરભાઈ સખીયા, રાજકોટ ભાજપ લીગલ સેલ સંયોજક પીયુષભાઇ શાહ, સહ-સંયોજક કમલેશભાઇ ડોડીયાની એક યાદીમાં જણાવ્યું છે.

# બહેનપણીને સાચવવા આપેલું કુતરૂ પરત લેવા ગયેલી યુવતીને બે શખ્સોએ લમધારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નાણાવટી ચોકમાં ગૌતમ નગરના આત્મનપાર્ક એપાર્ટમેન્ટમાં રહેતી યુવતીએ નાના મોવામાં રહેતી બહેનપણીને પોતાનું શ્વાન સાચવવા માટે આપ્યું હતું. જે તે પરત માગવા જતાં બહેનપણીના પતિ સહિત બે શખ્સો દ્વારા તેના પર હુમલો કરી માર મારતાં તેણીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

વિગતો મુજબ શહેરમાં નાણાવટી ચોકમાં ગૌતમ નગરના આત્મનપાર્ક એપાર્ટમેન્ટમાં રહેતી રિધ્ધિ કિશોરભાઈ રાઠોડ નામની યુવતીને ૧૫ દિવસ હરિદ્વાર જવાનું થયું હોવાથી તેને પોતાનું શ્વાન તેની બહેનપણીને સાચવવા આપ્યું હતું.? .જેમાં તે પોતાનું કૂતરું પરત લેવા જતા તેની બહેનપણીને પતિ ભરત પટગીરે એને તેની સાથેના પૃથ્વીરાજે કૂતરું પરત નથી આપવું કહી માર મારતાં તેણીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.જ્યારે બનવા મામલે પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

## નવા ગામના રંગીલા પાર્કમાં યુવતીનો ઝેરી દવા પી આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવાગામ આણંદપર રંગીલા પાર્કમાં રહેતી દેવાંશી લાધાભાઈ મેર (ઉ.વ.૨૦) નામની યુવતિએ ગઇકાલે રાતે ઝેરી દવા પી લેતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ જ્યાં તેને દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો.બનવાની જાણ હોસ્પિટલ મારફત કુવાડવા રોડ પોલીસને જાણ કરવામાં આવતાં હેડકોન્સ. મહાવીરસિંહ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. જ્યારે પ્રાથમિક પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે,આપઘાત કરનાર દેવાંશી ચાર બહેન અને એક ભાઈમાં બીજા નંબરે હતી. તેના પિતા લાધાભાઈ સુરાભાઈ મેર રિક્ષા ચલાવી ગુજરાન ચલાવે છે.દેવાંશીએ શા માટે આ પગલુ ભર્યુ? તે અંગે પરિવારજનો કંઈ જાણતા નથી. પણ તેણી ચારેક દિવસથી મરી જવાનું રટણ કરતી હોવાનું તેઓએ પોલીસને નિવેદન આપ્યું છે. આપઘાતનું કારણ જાણવા પોલીસે આગળની તપાસ હાથધરી છે.

# જંગલેશ્વરમાં બિમારી સબબ મહિલાનું મોતઃ પરિવારમાં ઘેરો શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વરમાં રહેતી એક મહિલા બે દિવસ તાવની બીમારીથી પીડાતી હતી જેમાં તેનું સારવાર દરમિયાન મોતની નીપજતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.

બનાવવા અંગેની મળતી માહિતી મુજબ જંગલેશ્વરમાં રહેતા સલમાબેન મહમદભાઈ સાજીદ નામના ૪૬ વર્ષીય મહિલા બે દિવસથી તાવની બીમારીથી પીડાતા હતા. જેમાં તેનું ગઈકાલ ઘરે તે પણ થઈ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા જાજી ડેમ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તેના મૃતદેહને પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો જ્યારે બનાવથી પરિવારજનોમાં શોકનું મોજુ ફળી વળ્યુ છે.

# ગોંડલના ભગવતપરામાં યુવતીનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલનાં ભગવતપરા માં રહેતી યુવતીએ માતા અને ભાભીની નજર સામે રૂમમાં દોડી જઈ ગળાફાંસો ખાઈ લેતા પરીવાર હતપ્રત બનવા પામ્યો હતો.બનાવ બાદ પોલીસ ને જાણ કરાતા દોડી આવેલી પોલીસે મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખસેડી તપાસ હાથ ધરી હતી. ભગવતપરામાં સગરવાડી સામે રહેતા સગર અરવિંદભાઈ કાળુભાઈ બુટાણી ની ૨૩ વર્ષીય પુત્રી નેહા એ સાંજ નાં સુમારે પોતાનાં ઘરે રૂમમાં પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.નેહા રુમ માં તેની બે વર્ષ ની ભત્રીજી ભક્તિ સાથે સુતી હતી.જયારે તેના માતા અને ભાભી ફળીયા માં બેઠા હતા.નેહા ઉઠી રૂમમાંથી બહાર આવી માતા અને ભાભી સાથે ચા પીને પાછી રૂમમાં પહોંચી હતી.અને ગળાસો ખાઈ લીધો હતો.જ્યારે નેહા એ ગળાફાંસો ખાધો ત્યારે માશુમ ભત્રીજી રૂમમાં સુતી હતી.નેહા નાં પિતા અરવિંદભાઈ ખેતિ કરેછે.પરીવાર માં મૃતક નેહા સહિત એક પુત્ર છે.કોઈ અગમ્ય કારણોસર નેહાએ ગળાફાંસો ખાઈ લેતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# જેતપુરમાં ઠંડીએ લીધો વૃદ્ધનો ભોગઃ બસસ્ટેન્ડમાં સુતા બાદ સવારે ના ઉઠયા

## શહેરમાં રેનબસેરા છે પણ શોભાના ગાંઠીયા જેવુંઃ જાગૃત લોકોનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં મંગળવારની રાત્રીના બસસ્ટેન્ડમાં સુતેલા એક વૃદ્ધ સવારે ના ઉઠતા, દવાખાને ખસેડાયા બાદ તેમનું મોત મૃત્યુથી થયું હોવાનું તબીબોએ જાહેર કર્યું હતું. આમ હજુ તો શિયાળો શરુ જ થઇ રહ્યો છે ત્યારે જ અહી ઠંડીએ એક વૃદ્ધનો ભોગ લીધો હોવાનું બહાર આવ્યું છે.




પ્રાપ્ત વિગતો મુજબ શહેરમાં હરતા ફરતા અને ભિક્ષુક જેવું જીવન જીવતા શિવરામ કુબાવત નામના વૃદ્ધ મંગળવારની રાત્રીના અહીના એસટી બસસ્ટેન્ડમાં સુતા હતા અને કહેવાય છે કે કોઈએ તેમને રાત્રીના ધાબળો પણ ઓઢાડ્યો હતો. આમ છતાં તેઓ સવારે નહિ ઉઠતા તેમને સરકારી દવાખાને લઇ જવાયા હતા.

જ્યાં તબીબોએ આ વૃદ્ધનું ઠંડીના લીધે મૃત્યુ થયાનું જાહેર કર્યું હોવાનું સેવાભાવીઓએ જણાવ્યું હતું. જાણકાર લોકોએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે શહેરમાં કરોડો રૂપિયાના ખર્ચે ભિક્ષુકો તેમજ રેઢિયાળ જીવન જીવતા લોકો માટે નગરપાલિકા દ્વારા બનાવેલ રેનબસેરા છે પણ આ જગ્યાએ ભિક્ષુકોને ખસેડવા પાલિકા તંત્ર કે કોઈ સેવાભાવી સંસ્થાઓ આગળ ન આવતી હોવાથી રેનબસેરા શોભાના ગાંઠિયા સમાન બની ગયું છે. આ બાબતે જે હોય તે પણ જેતપુરમાં વૃદ્ધના મોતથી સૌરાષ્ટ્રમાં ઠંડીના કારણે મોત થયાનો પહેલો દાખલો નોંધાઈ ગયો છે.

# સિવિલ હોસ્પિટલના સ્ટાફ માટે ફાયર સેફટીની તાલીમ યોજાઈ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ કોર્પોરેશન ચીફ ફાયર ઓફિસરના માર્ગદર્શન હેઠળ ડિઝાસ્ટર મેનજમેન્ટ સેલના પ્રોજેકટ ઑફિસર હસમુખભાઈ ભાસ્કર દ્વારા પી.ડી.યુ.સિવિલ હોસ્પિટલ ખાતે અગ્નિશામક સાધનોની તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ તકે ફાયબ્રિગેડના ફાયર ઑફિસરશ્રી નડીયાપરાએ હોસ્પિટલના ૫૦ થી વધુ સ્ટાફને ફાયર સેફટીની તાલીમ આપી હતી.

# જેતપુરમાં પૈસાની લેતી દેતી મામલે યુવાન પર બે શખ્સોનો છરી વડે હુમલો

## ગોંડલમાં ૫૮ બોટલ વિદેશી દારૂ સાથે બુટલેગર સહિત ત્રણની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

જેતપુરમાં જુનાગઢ રોડ પર આવેલા લાયન્સ સ્કૂલના ગ્રાઉન્ડ પાસે પૈસાની લેતી દેતી બાબતે બે શખ્સોએ યુવાન પર છડી વડે હુમલો કરતા ફરિયાદ નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ જેતપુરમાં આવેલી રણુજા સોસાયટીમાં રહેતો અર્જુન ઉર્ફેક કિશન ચનાભાઈ વાણવી નામના યુવાને જેતપુર સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે જુનાગઢ રોડ પર આવેલા લાયન સ્કૂલના ગ્રાઉન્ડમાં હતો ત્યારે ભાવેશ વિરમવાડા અને અસલો વિરમ વાળા નમનાર બંને શખ્સોએ ₹૨૦૦ ને લેતી દેતી બાબતે ઝઘડો કરી છરી વડે હુમલો કરી ખમ્ભામાં છરીનો ખા ઝીકી દઇ ઇઝા કરી હતી બનાવના પગલે હેડ કોન્સ્ટેબલ એ એમ ઓડેદરા એ ગુનો નોંધી બંને શખ્સોની ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

જ્યારે અન્ય એક બનાવમાં ગોંડલ સીટી પોલીસના હેડ કોન્સ્ટેબલ ડીપી જાડેજા તથા કોન્સ્ટેબલ હરેશભાઈ સહિતનો સ્ટાફ ગોંડલની નાની બજાર સંગાણી શેરી પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે તોફીક હનીફ રમાણી તથા નવાજ હનીફ જાનવાણી તથા અજીત ઝાલા નામના ત્રણ શખ્સોને વિદેશી દારૂની ૫૮ બોટલ કિંમત રૂપિયા ૪૫૦૦૦ ના મુદ્દા માલ સાથે દબોચી લઈ ધોરણ સરની કાર્યવાહી નાત કરવામાં આવી છે

# જેતપુરમાં ટાટાના શોરૂમના મેનેજરે ૮ ગ્રાહકના એડવાન્સ બુકિંગ મેળવી ૨૯ લાખનું બુચ માર્યું

## ગ્રાહકો કારની ડિલેવરી લેવા ગયા ત્યારે પોતાની સાથે ચીટીંગ થયાનો ભાંડો ફૂટ્યો

**મુખ્ય સમાચાર, જેતપુર**

રાજકોટ જિલ્લાના જેતપુર ખાતે આવેલ ટાટા કંપનીના શોરૂમના મેનેજર તરીકે નોકરી કરતાં શખ્સે નવરાત્રિ પહેલા જુદા જુદા આઠ ગ્રાહકો પાસેથી ટાટા કંપનીની ગાડીના એડવાન્સ બુકીંગના પેટે ૨૯ લાખ મેળવી રકમ કંપનીમાં જમા કરાવવાના બદલે બારોબાર ચાઉ કરી ગયાની અને ગ્રાહકો કારની ડિલેવરી લેવા ગયા ત્યારે પોતાની સાથે ચીટીંગ થયાનો ભાંડો ફુટતાં અંતે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગેની જાણવા મળતી વિગત મુજબ, જેતપુર તાલુકાના જેપુર મેવાસા ગામે રહેતા ખેડૂત ભુપતભાઈ નાથાભાઈ જેઠવા (ઉ.૪૨)એ વિરપુર પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ધોરાજી રહેતા પારસ ધીરજલાલ ઠુંમરનું નામ આપ્યું છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદી અને તેમના પરિવારને નવરાત્રિ પહેલા નવી ગાડી લેવી હોય જેતપુર ધારેશ્વર મુકામે આવેલ ટાટા કંપનીના શોરૂમે ટાટા કંપનીની પંચ ગાડી જોવા માટે ગયા હતાં. જેની ટેસ્ટ ડ્રાઈવ કર્યા બાદ તેના મેનેજર પારસ ધીરજલાલ ઠુંમર સાથે વાતચીત કરી હતી.

ત્યારબાદ તા.૨૬-૮-૨૦૨૩ના મેનેજર પારસ ઠુંમરનો ફરિયાદીના ભાઈ પર ફોન આવ્યો હતો અને સોમવાર પહેલા ગાડી બુક કરાવશો તો ૫૦ હજારનો ફાયદો થશે તેમ કહેતા ફરિયાદીએ અને તેના ભાઈએ બુકીંગ પેટે ૧.૯૯ લાખ જમા કરાવી બીજા નોરતે ગાડીની ડિલેવરી માટેનું કહ્યું હતું. આરોપીએ ગાડીનું બુકીંગ જૂનાગઢના મેઈન શોરૂમેથી આવશે તેવા બહાના બતાવ્યા હતાં.

ત્યારબાદ બીજા નોરતે ફરિયાદી ગાડી લેવા જતાં 'તમારી ગાડી આઠમા નોરતે આવશે' તેવું બહાનું કરી ગાડી પેટે ૫,૫૧,૦૦૦નો ચેક અને ૩ લાખ મળી કુલ ૮,૫૧,૦૦૦ ચેક પેટે જમા કરાવ્યા હતાં. બાદમાં આઠમાં નોરતે પણ ગાડી મળી ન હતી અને પૂનમના દિવસે તેને અચુક ગાડી મળી જશે તેવા બહાના બતાવ્યા હતાં. ફરિયાદી અને તેનો પરિવાર પૂનમના દિવસે ગાડી લેવા જતાં તેમના નામનું કોઈ જ બુકીંગ જ શોરૂમમાં ન થયું હોવાનું અને મેનેજરે છેતરપીંડી કર્યાનું માલુમ પડયું હતું.

આ બાબતે તપાસ કરતાં આરોપીએ જેતપુર પંથકના મીતલબેન ચીનાભાઈ મકવાણાના નામે ટાટા કંપનીની અલ્ટ્રોઝ ગાડી બુક કરાવી ૫,૧૦,૦૦૦, પંકજ બાબુભાઈ કયાડા પાસેથી એડવાન્સ બુકીંગના નામે ૨.૫૧ લાખ, વિશાલ જેન્તીભાઈ ટોપીયા પાસેથી એડવાન્સ બુકીંગના ૧.૭૫ લાખ , જીગ્નેશ ગોરધનભાઈ મેસવાણીયા પાસેથી ૧ લાખ, ભુપેન્દ્રભાઈ જીણાભાઈ કયાડા પાસેથી ૨,૫૧,૦૦૦, સંદીપ ધીરૂભાઈ મલી પાસેથી ૧,૫૧,૦૦૦, ગૌરવ રાજેશભાઈ ઉઘાડ પાસેથી એડવાન્સ બુકીંગન ૨,૩૪,૦૦૦ અને મહેન્દ્ર કિશોરભાઈ સરધારા પાસેથી ટાટા કંપનીની કાર બુકીંગના નામે ૧,૯૦,૦૦૦નું એડવાન્સ બુકીંગ મેળવી આ તમામ ગ્રાહકોના કુલ ૨૯,૧૧,૦૦૦ બારોબાર ચાઉ કરી ગયાનું જાણવા મળ્યું હતું.

આ બનાવ અંગે ભોગ બનનાર તમામ ગ્રાહકોએ વિરપુર પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વિશેષ તપાસ પીએસઆઈ એમ.જે.પરમાર સહિતનો સ્ટાફ ચલાવી રહ્યો છે.

# પંચાયત કચેરી દ્વારા થઈ રહેલી પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્ર અંગેની જનજાગૃતિલક્ષી કામગીરી

## જનહિતમાં ઈન્ફોર્મેશન, એજ્યુકેશન અને કોમ્યુનિકેશન દ્વારા પંચાયતનો આરોગ્યલક્ષી અભિગમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રધાનમંત્રી ભારતીય જનઔષધી પરિયોજના લોકોને ગુણવત્તાયુક્ત જેનરિક દવાઓ પોસાય તેવા ભાવે પુરી પાડીને સામાન્ય લોકોના જીવન પર નોંધપાત્ર અસર કરી રહી છે. આ જન ઔષધી કેન્દ્રો પર અપાતી દવાઓ ઓપન માર્કેટમાં મળતી દવાઓ કરતા ૫૦ % ઓછા ભાવમાં ઉપલબ્ધ હોય છે. અને કેટલાક કિસ્સાઓમાં બ્રાન્ડેડ દવાઓની સરેરાશ બજાર કિમત કરતા ૮૦-૯૦% જેટલી સસ્તી હોય છે.




આપના શહેર, તાલુકામાં ઉપલબ્ધ જનઔષધિ કેન્દ્રની માહિતી મળી શકે અને લોકો સરળતાથી તેમના નજીકના સ્થળ પરથી દવાઓ મેળવી શકે તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરીના માર્ગદર્શન હેઠળ જનહિતમાં ઇન્ફોર્મેશન, એજ્યુકેશન અને કોમ્યુનિકેશનના વિચાર સાથે તમામ તાલુકા પંચાયત કચેરી ખાતે કેન્દ્રનું નામ સરનામું, કોન્ટેક્ટ નંબર સહિતની વિગતના બોર્ડ લગાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ૧૭૫૯ પ્રકારની ઉચ્ચ ગુણવત્તાવાળી દવાઓ તેમજ ૨૮૦ પ્રકારના ઉચ્ચ ગુણવત્તાવાળા સર્જીકલ સાધનો કોઇ પણ વ્યક્તિને ૫૦ થી ૯૦ % સસ્તા ભાવે પ્રધાન મંત્રી જનઔષધી કેંદ્રો પરથી મળી શકશે .

વધારે માહીતી માટે કોઇ પણ વ્યક્તિ ૧૮૦૦-૧૮૦-૮૦૮૦ ટોલ ફ્રી નંબર અથવા janaushadhi .gov.in વેબ સાઇટ પરથી મેળવી શકશે. નવા જનઔષધિ કેન્દ્ર ખોલવા વધુ વિગત માટે શ્રી મિતેષભાઇ પંડ્યા આસિ. મેનેજર મો. નંબર ૯૬૦૧૨ ૯૪૩૬૬ નો સંપર્ક કરવા જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

# કૈલાસ ઈન્ડસ્ટ્રીઝ એરિયાના કારખાનામાંથી રૂા.૨૩.૫૫ લાખના સળીયાની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

## આજી ડેમ પોલીસે ગણતરીની કલાકોમાં ફરિયાદીના પૂર્વ ભાગીદારને દબોચી લઈ આઈસર અને સ્વીફટ કાર સહિત લાખોના મુદ્દામાલ કબ્જે કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રેઢુ પડ સમજી ઉતરી પડેલા તસ્કરો બેકાબુ બન્યા હોય તેમ કોઠારીયા રોડ નજીક સ્વાતી સોસાયટી રોડ પર કૈલાષ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં કારખાનાના તાડા તોડી રૂ.૨૩.૫૫ લાખની કિંમતના એલ્યુમીનીયમના સળીયાની ચોરી થયાની કારખાને દારે ફરીયાદ કરતા આજીડેમ પોલીસે સીસીટીવીમાં કેદ તસ્કરને આઈસર સાથે ઝડપી લઈ તેની પુછતાછ કરી વિશેષ કાર્યવાહી કરી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મવડી મેઈન રોડ પર રહેતા અને સ્વાતી સોસાયટી રોડ પર ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં એમ.કે.મેટલ નામનુ કારખાનુ ચલાવતા અજયભાઈ રસીકભાઈ ચોવટીયાએ ફરીયાદ કરી હતી જેમા તેને જણાવ્યુ હતુ કે કારખાનામાં તે તેમજ કશ્યમભાઈ ચોવટીયા અને નિકુંજભાઈ ચોવટીયા ભાગીદારીમાં ધંધો કરતા હોય સોમવારે તેના ભાગીદાર સહીતના રાત્રે કારખાનુ બંધ કરી ઘેર ગયા હતા અને સવારે પરત આવતા કારખાનાના તાડા તુટેલા હોય તપાસ કરતા કારખાનામાં ખોડામાં રાખેલા રૂ.૨૩.૫૫ લાખની કિંમતના જુના અને નવા એલ્યુમીનીયમ ના ૯ ટન સળીયા જોવામા આવેલ નહી અને ચોરી થયાનુ જણાવતા પીઆઈ કરપડા સહીતના સ્ટાફે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસને તપાસમાં તસ્કર કેદ થઈ ગયાનુ અને આઈસર સાથે આવ્યાનુ બહાર આવતા પીએસઆઈ પરમાર સહીતના સ્ટાફે મહીતીને આધારે શંકાસ્પદ આઈસર ચાલકને ઉઠાવી લઈ પુછતાછ કરતા તે ગોંડલ રહેતો પ્રિન્સ ડોબરીયા હોવાનુ અને કારખાનેદારનો મિત્ર હોય અગાઉ કારખાને આવી રેકી કરી ચોરી કરી ગયાનુ બહાર આવતા પોલીસે તેની ધરપકડ કરી આયસર, સ્વીફ્ટ કાર અને ચોરાઉ સળીયાનો મુદ્દામાલ સહિત લાખોનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



# શાપર વેરાવળમાં યુવતીને લગ્નની લાલચ આપી શખ્સે દુષ્કર્મ આચરી ગંભીર બીમારીનો ચેપ લગાડયો

## શાપર વેરાવળ પોલીસે પરિણીત વાણંદ શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શાપર વેરાવળ માં રહેતી એક યુવતી સાથે ગંભીર બનાવ બનવા પામ્યા છે જેમાં ગામમાં રહેતા વાણંદ શખ્સે પોતે પરિણીત હોવાનું છુપાવી યુવતીને લગ્ન કરવાની લાલચ આપી વારંવાર દુષ્કર્મ કરી ગંભીર બીમારી નો ચેપ લગાડયો હોવાની ફરિયાદ નોંધાતા ચકચારમાંથી જવા પામી છે.

આ બનાવની પોલીસમાંથી મળતી માહિતી મુજબ શાપર વેરાવળમાં આવેલી એક સોસાયટીમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીએ શાપર વેરાવળ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે જેમાં સામેવાળો વેરાવળ રોડ પર ધનરાજ પેલેસ ની સામે ગીર સોમનાથ માં રહેતો જીગ્નેશ ધીરજલાલ મારુ નામના વાળંદ શખ્સનું નામ આપ્યું છે યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે કુમારી હોય અને આ સક્સ પરણી ત હોવા છતાં પોતે કુવારો હોવાનું જણાવી યુવતીને લગ્ન કરવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ અનેક વાર શરીર સંબંધ બાંધે પોતાને ગંભીર પ્રકારની બીમારી હોય આ બીમારી ની યુવતીને જાણ નહીં કરી ગંભીર બીમારીનો ચેપ લગાડી છેતરપિંડી કરી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ નોંધાવતા ગોંડલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કેજી ઝાલાએ વાણંદ શખ્સ વિરોધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.



# રૈયા રોડ અને નારાયણનગરમાં એટીએમ તોડવાનો પ્રયાસ કરનાર બેલડી ઝડપાઈ

## રાજકોટ, સુરત, વડોદરા અને મોરબી જિલ્લામાં એટીમમાં ચોરી કરતી ગેંગના બે શખ્સોને ક્રાઈમ બ્રાંચે દબોચી લઈ રૂા.૭૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રૈયારોડ અને નારાયણ નગરમાં એસબીઆઈ બેંકના ત્રણ એટીએમ તોડી ચોરીની કોશીષ કરનાર આંતર રાજય ટોળકીના બે શખસોને ક્રાઈમ બ્રાંચે ઝડપી લઈ તેની પાસેથી બાઈક, રોકડ,બે મોબાઈલ સહીતની મતા કબજે કરી તપાસ કરતા તેને રાજકોટ ઉપરાંત સુરત, વડોદરા, મોરબી જીલ્લામાં એટીએમ તોડી રોકડની ચોરી કર્યાનુ બહાર આવતા પોલીસે વધુ ચોરના ભેદ ઉકેલવા મથામણ કરી હતી.

અં અંગેની માહિતી મુજબ જયુબેલી એકસચેન્જ પાસે રહેતા અને એસબીઆઈ બેંકમાં કેસ ઓફીસર તરીકે નોકરી કરતા હસમુખભાઈ પટેલએ ફરીયાદ કરી હતી જેમાં તેણે જણાવ્યું હતુ કે રૈયા રોડ ઉપર એસબીઆઈ બેન્કના બે એટીએમ તેમજ કોઠારિયા રોડ પર નારાયણ નગરમાં એટીએમમાં તોડફોડ કરી ચોરીની કોશીશ થયાનું તેના કર્મચારીએ જાણ કરી હતી જેથી તેને બેન્કના ચીફ મેનેજરને જાણ કર્યા બાદ ફરિયાદ નોંધાવ્યા હોવાનું જણાવતા ગાંધીગ્રામ, યુનીવસિટી અને ભકિતનગર પોલીસે અજાણ્યા બે શખસો સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. તે દરમ્યાન ક્રાઈક બ્રાંચના પીઆઈ વાય.બી.જાડેજા સહીતના સ્ટાફે તપાસ કરતાં એટીએમમાં તોડફોડ કરનાર બે શખસો સીસીટીવી ફૂટેજમાં કેદ થઈ ગયા હોય બાતમીદારોની મદદથી બાઈક સ્વાર બેલડીને અટકાયત કરી તેની પુછતાછ કરતા તે મુળ રાજસ્થાની અને હાલ રાજકોટમાં રૈયાધાર મફતીયા પરામાં રહેતો બલવીર ઉર્ફે બીલબલ ચંપારામ ચૌહાણ અને દિનેશ મદનલાલ ભાટી હોવાનુ જણાવતા પોલીસે વધુ પુછતાછ કરતા એટીએમમાં તોડફોડ કરી ચોરીની કોશીષ કર્યાની કબુલાત આપતા બન્નેની ધરપકડ કરી તપાસ કરતા બન્ને શખસોએ યુનિવસીટી, ગાંધીગ્રામ, ભકિતનગર, ઉપરાંત પ્રનગર અને અંકલેશ્વરમાં એટીએમ તોડી ચોરીની કોશીષ કરી હોવાનુ બહાર તેમજ ચારેક દિવસ પહેલા સુરતમાં, દશેક દિવસ પહેલા વડોદરા, તા.૭ના રોજ ટંકારા અને ૨૫ દિવસ પહેલા વાકાનેરમાં એટીએમમાં તોડફોડ કરી રોકડની ચોરી કરી હોવાનુ બહાર આવતા તેમજ બલવીર અગાઉ દુષ્કર્મ સહીતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો હોવાનુ બહાર આવતા પોલીસે વધુ ગુનાના ભેદ ઉકેલવા કાર્યવાહી કરી હતી.



# સરિતા વિહાર સોસાયટી પાસે જાહેરમાં મારામારીનો વિડીયો વાયરલઃ સાતની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે યુનિવર્સિટી રોડ પર આવેલી સરિતા વિહાર સોસાયટી પાસે જાહેરમાં કેટલાક શખ્સો ઝઘડો કરી મારામારી કરી શાંતિ સુલે નો ભંગ કર્યો હોવાનો વિડીયો વાયરલ થતાં ભારે હો આપો પહોંચી જવા પામ્યો હતો બનાવના પગલે યુનિવર્સિટી પોલીસના પીઆઇ બીપી રચ્યા ની સૂચનાથી પોલીસે તાત્કાલિક ધોરણે જાહેરમાં મારામારી કરનાર સરિતા વિહાર સોસાયટી ના પુલ પાસે રહેતો સત્યનારાયણ સુભાષચંદ્ર રાઉત તથા રમેશ મોહન ભંડાકર તથા હેમસાગર ભરત વિવાસ તથા માનસ રબી ગૈરી તથા એમ સાગર પરમાનંદ રણ તથા રણજીત બિદુર સુના તથા શત્રુગન અર્જુન દુર્ગરા સહિત સાત શખ્સોની ધરપકડ કરી પોલીસે કાયદાનું ભાન કરાવ્યું હતું.



# થાનના અભેપર ગામે ખનીજ ચોરી પકડવા ગયેલી ટીમ પર હુમલોઃ સ્વબચાવમાં ફાયરીંગ કરાયું

## ખનીજચોરો હીટાચી મશીન મુકી ડમ્પર લઈ નાસી ગયા

**મુખ્ય સમાચાર, થાનગઢ**

થાનગઢના અભેપર ગામે ખનીજચોરી પકડવા ગયેલી ખાણ ખનીજ અને ભુસ્તરશાસ્ત્રીની ટીમ ઉપર હુમલો કરવામા આવતા ખનીજ ટીમને બચાવમાં ફાયરીંગ કરવુ પડયુ હતુ. ખનન માફિયાઓ હિટાચી મશીન મુકી ડમ્પર લઈ નાસી છૂટયા હતા.

આ અંગેની માહિતી સુરેન્દ્રનગર જિલ્લા ભુસ્તરશાસ્ત્રી અને ખાણ ખનીજ વિભાગની ટીમે મંગળવારની રાત્રે થાન નજીક અભેપર ગામે દરોડા પાડયો હતો જે દરોડા દરમીયાન ખનન માફિયા દ્વારા ચેકીંગમા આવેલ ટીમ પર હુમલો કરવામાં આવ્યો હતો.જેમાં કાર અને ટીમ પર પથ્થરમારો કરતા કારને નુકસાન થયુ હતુ અને ટીમના લોકોને ઈજા થઈ હતી.ચેકીંગમાં ગયેલ ટીમને પોતાનો બચાવ કરવા ફાયરિંગ કરવું પડ્યું હતું.આ બનાવમાં ચેકીંગના સિક્યુરટી ગાર્ડને ઇજા પહોંચી હતી.બાદ ઘટનાસ્થળેથી હિટાચી મશીન પકડી સીઝ કરવામાં આવ્યું હતું અને ડમ્પર લઈ ખનન માફિયા નાશી છૂટ્યા હતા. બાદ થાન પોલીસ મથકે ૮ ખનન માફિયા સામે ફરિયાદ અને રૂ.૨,૫૦,૯૯,૫૪૬ નો ખનીજ ચોરીનો ગુનોનોંધવામાં આવ્યો હતો.



# શહેરમાં જાહેર માર્ગો પર પાથરણા પાથરી દબાણ કરનાર સામે તવાઈ

## ટ્રાફિક પોલીસ અને દબાણ હટાવ શાખા દ્વારા સાંગણવા ચોક અને આનંદ બંગલા ચોક પાસે દબાણ દૂર કરાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના જાહેર માર્ગો અને ધમધમતા બજારોમાં ગેરકાયદે દબાણો કરીને બેસી જતા પાથરણાવાળાને હટાવવા માટે વારંવાર ફરિયાદો ઉઠી રહી છે ત્યારે આજે મનપા દ્વારા આનંદબંગલા ચોકની બુધવારી બજાર અને સાંગણવા ચોક ખાતે ટીમો ઉતારીને પાથરણાવાળા સામે કાર્યવાહી કરતા દોડધામ મચી ગઈ હતી. સાંગણવા ચોકમાં પાથરણાવાળાનું દબાણ એટલું બધુ થઈ વધી ગયું છે કે, દિવસે લોકોને વાહન ચલાવવાનું મુશ્કેલ બની જાય છે. અગાઉ દિવાળીના વર્ષોમાં વેપારીઓ દ્વારા પાથરણાવાળા નાના ધંધાર્થીઓને બેસવાની છૂટ આપવામાં આવી હતી પણ હવે કાયમી દબાણ થવા લાગ્યા છે.

સાંગણવા ચોકમાં બારેમાસ પાથરણાવાળા રસ્તો દબાવીને બેસી જતા હોવાની મનપા સમક્ષ ફરિયાદો પણ છે. સાંગણવા ચોકની જેમ જ આનંદ બંગલા ચોકમાં બુધવારી બજાર ભરાતી હોય ધંધાર્થી ચોક ઉપરાંત જાહેર રોડ દબાવીને બેસી જતા હોય છે. આ બજારના કારણે વાહન ચલાવવું મુશ્કેલ બનતા મનપા સુધી ફરિયાદો કરવામાં આવતા આજે ટ્રાફિક પોલીસને સાથે રાખીને પાથરણાવાળા સામે કાર્યવાહી કરવામાં આવી હતી. મનપા દ્વારા રેકડીઓ અને કેશીયો પાર્ટીના સાધનો જપ્ત કરવામાં આવ્યા હતા.

# ગોંડલ તાલુકાના સખપર ગામે વાયર ફેન્સીંગનો વીજ તાર પડી જતા માસુમ ભાઈ બહેનના મોત

## વાડી માલિક વાયર ફેન્સીંગની વીજ પાવર બંધ કરવાનું ભૂલી જતા અને કરૂણાંતિકા સર્જાઈઃ આદિવાસી પરિવારના બે માસુમ ભૂલકા છીનવાઈ ગયાઃ પોલીસે વાડી માલિક અને મૃતક બાળકોના પિતા વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ તાલુકાના નાના સખપર ગામે ખેતરમાં લગાવેલા વાયર ફેન્સીંગમાં વીજ કરંટ ના કારણે આદિવાસી પરિવારના બે માસુમ ભૂલકાઓના મોત થતા પરિવારમાં કરુણકલ્પ સર્જાયો છે બનાવના પગલે સુલતાનપુર પોલીસે વાડી માલિક અને મૃતક બાળક પિતા વિરોધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ કરવામાં આવી છે.

આ બનાવની માહિતી મુજબ મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ ગોંડલ તાલુકાના નાના સખપર ગામે ભાવેશ કાળુભાઈ ઠુંમર નામના પટેલ યુવાનની વાડીએ ખેતી કામ કરતી લતાબેન નરેશભાઈ સોલંકી નામની આદિવાસી મહિલાએ સુલતાનપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે વાડી માલિક ભાવેશ કાળુ ઠુમ્મર અને તેનો પતિ નરેશ લોહી પડ્યા સોલંકી નામના બંને શખ્સો વિરુદ્ધ ફરિયાદ કરી છે કે વાડી માલિક ના કહેવાથી વાડીની ફરતે વાયર ફેન્સીંગ કરી હોય અને વાડી ખેતરમાં જનાવર રંજાળ ન કરે તે માટે વાયર ફેન્સીંગમાં બીજ કરંટ રાખ્યો હોય અને આવી જ કરંટ બંધ કરવાનું ભૂલી જતા તેના માસુમ બાળક પાયલ અને પ્રવીણ નામના બંને બાળકો રમતા રમતા ખેતરમાં લગાવેલી ઇલેક્ટ્રીક વાયર ફેન્સીંગ ના તારને અડી જતા બંને બાળકોને વીજ કરંટ લાગતા મોત નીપજ્યા હતા. આ બનાવના પગલે સુલતાનપુર પોલીસના પી.એસ.આઇ બીપી ઝાલા સહિતના સ્ટાફે વાડી માલિક અને મૃતક બાળકોના પિતા વિરોધ ગોરબેદરકારી નો ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

# વેરાવળમાં સોની વેપારીની નજર ચુકવી દાગીના ચોરી કરતી ગેંગ ઝડપાઈ

## એલસીબીની ટીમે ચાર મહિલા સહિત સાતને દબોચી લઈ રૂા.૧૧.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, વેરાવળ**

વેરાવળમાં સોની વેપારીની નજર ચુકવી દુકાનમાંથી સોના-ચાંદીના દાગીના સેરવી લેતી ટોળકીને એલસીબીએ પકડી પાડી છે. રૂ.૧૧,૬૭, ૧૮૮ સાથે ચાર મહિલા અને ત્રણ તસ્કરને ઝડપી લીધા હતા.

વેરાવળમાં ગત તા.૧૨/૧૨/૨૦૨૩ ના શ્રીપાલ હવેલી ચોક પાસે આવેલ ભરતભાઈ ભીમજીભાઈ પટ્ટની વિર જ્વેલર્સ નામની દુકાનમાં ચાર અજાણી મહીલાઓ સોના/ચાંદીના દાગીના લેવાના બહાને આવી હતી અને સોની વેપારીની નજર ચુકવી દુકાનમાંથી સોના- ચાંદીના દાગીના સેરવી જતી રહી હતી. આ બાબતે વેરાવળ પોલીસમાં ગુનો દાખલ થયો હતો. જે અંગે એલ.સી.બી.એ બાતમીના આધારે દાહોદ જિલ્લાના ગાંગરડાના પાંગળીબેન કરમાભાઈ કાનીયાભાઈ ડામોર, અલીરાજપૂર્ણ રીંગોલના સુરીકાબેન રાકેશભાઈ જોરસીંગ મકોડીયા, કાજલબેન અજયભાઈ જોરસીંગ મકોડીયા, ગાંગરડાના અનિતા વિપુલભાઈ ડામોર, કવશિંગ કરમાભાઈ ડામોર, રીંગોળના મુકેશ બીજયાભાઈ માવી, અજય જોરસીંગ મકોડીયાને સોની વેપારીને ત્યાં કરેલ ચોરીના મ્યુદામાલ સોનાની બુટી નંગ-૧૦ કી.રૂ.૧૪,૭૨૮/-સોનાના દાણા નંગ-૨૮ કી.રૂ.૩૬,૫૬૮/- ચાંદીના સાંકળા જોડી-૧ (નંગ-૨) કી.રૂ.૩૫૦૦/- નાના બાળકના કડા જોડી-૧ (નંગ-૨) તથા પગમાં પહેરવાની ચાંદીની વીંટી નંગ-૬ તથા કાનમાં પહેરવાની ચાંદીની મોતીવાળી બુટીની જોડી-૧ (નંગ-૨) કી.રૂ. ૨,૩૯૨ ફોરવ્હીલ હ્યુન્ડાઈ ક્રેટા રૂ.૧૦,૦૦,૦૦૦ બજાજ પલ્સર કિ. રૂા.૩૦,૦૦૦/- યામાહા બાઈક રૂ.૬૦૦૦૦. મોબાઈલ ૩ કી.રૂ.૨૦,૦૦૦/-સાથે કુલ મુદામાલ કી.રૂ.૧૧,૬૭,૧૮૮/-ને કબ્જે લઈ સાતેયને પકડી પાડયા હતા.



# મહાદેવ ઓનલાઈન સટ્ટાનો મુખ્ય સુત્રધાર દુબઈથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજી એપ કૌભાંડમાં તપાસ કરી રહેલાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને મોટી સફળતા મળી છે. મંગળવારે જ આ કેસના બે મુખ્ય આરોપીઓમાંથી એક રવિ ઉપ્પલની દુબઈમાં ધરપકડ કરી લેવામાં આવી હતી. અહેવાલો અનુસાર તેને ટૂંક સમયમાં જ ભારત લાવવામાં આવશે. ઉપ્પલ આ એપનો સહસંસ્થાપક પણ છે. ઊઉ તરફથી અનુરોધ કરવામાં આવ્યા બાદ ઈન્ટરપોલ દ્વારા ઉપ્પલ સામે રેડ કોર્નર નોટિસ ઈશ્યૂ કરવામાં આવી હતી. તે પછી દુબઈ પોલીસે ૪ વર્ષના ઉપ્પલની ધરપકડ કરી હતી. કહેવાતા સટ્ટાકાંડ સાથે જોડાયેલાં મની લોન્ડરિંગના કેસમાં ઈડી ઉપ્પલની તપાસ કરી રહી હતી. તેના સિવાય છત્તીસગઢ પોલીસ અને મુંબઈ પોલીસ તરફથી પણ આ કેસમાં તપાસ કરવામાં આવી રહી છે. કેન્દ્રીય તપાસ એજન્સીએ ઉપ્પલ અને અન્ય એક પ્રમોટર સામે મની લોન્ડરિંગ કેસમાં ચાર્જશીટ દાખલ કરી દીધી હતી. તેના પછી ઈડીએ ઈન્ટરપોલને રેડ નોટિસ ઈશ્યૂ કરવા વિનંતી કરી હતી. એજન્સીએ ચાર્જશીટમાં કોર્ટને જણાવ્યું હતું કે ઉપ્પલે ભારતની નાગરિકતા છોડ્યા વગર જ વનુઆતનો પાસપોર્ટ લીધો છે. નોંધનીય છે કે વનુઆત એક મહાદ્વીપ દેશ છે.



# ત્રિકોણબાગ સામે એવરેસ્ટ બિલ્ડીંગના જુગાર પ્રકરણમાં સુત્રધાર પાસામાં ધકેલાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાસ્ત્રીમેદાન સામે આવેલ એવરેસ્ટ બિલ્ડીગમાં મનપા દ્વારા સીલ કરવામાં આવેલી ઓફિસમાં ઘોડીપાસાની ક્લબ ચાલતી હોવાની બાતમીના આધારે એ.ડીવી.પોલીસ મથકના પીઆઈ ધવલ હરીપરા સહિતના સ્ટાફે દરોડો પાડયો હતો અને જુગાર કલબના સંચાલક ડીસમીસ પોલીસમેનના પુત્ર મોસીન મહમદહુશેન પઠાણ અને મોસીન સલીમ મોટાણી સહિત ૨૫ શખસોને ઝડપી લઈ રૂ.૨.૮૫ લાખની રોકડ અને એક મોબાઈલ સહિત રૂ.૨.૯૦ લાખની મતા કબજે કરી હતી.

આ જુગાર કાંડમાં એ.ડીવી.પોલીસે જુગાર ક્લબના સંચાલક મોસીન મહમદહુશેન પઠાણની પાસા હેઠળ અટકાયત કરી અમદાવાદ જેલમાં ધકેલી દીધો હતો. હાલમાં પોલીસે પારસ ઠેબાની શોધખોળ શરૂ કરી હતી.

# લખતર પોલીસ મથકનો કોન્સ્ટેબલ રૂા.૫૦ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયો

## યુવાન પાસે દારૂના કેસમાં નામ નહિ ખોલવા બાબતે લાંચ માંગી'તી

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એસીબીની ટીમે દારૂ કેસમાં નામ નહી ખોલવા બાબતે રૂપીયા ૫૦ હજારની લાંચ લેતા લખતર પોલીસ મથકના કોન્સ્ટેબલને રંગેહાથ ઝડપી લીધો છે.

આ અંગે વધુમાં મળતી માહિતી મુજબ ગત નવેમ્બર માસમાં દિવાળીના દિવસો દરમિયાન લખતર પોલીસને તલવણીના ધર્મેન્દ્રસીંહ ભીખુભા રાણા તેમના રહેણાંક મકાને વિદેશી દારૂ વેચાણ અર્થે રાખતા હોવાની બાતમી મળી હતી. આથી લખતર પોલીસે રેડ કરી હતી. જેમાં આરોપી હાજર મળી આવ્યો ન હતો. પરંતુ પોલીસે દારૂની જાણ કરી હતી. ૩૦ બોટલ અને બીયરના ૪૫ ટીન સહિત રૂપિયા ૧૪,૫૯૦નો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધ્યો હતો. આ કેસમાં દારૂ એક શખ્સે આપ્યો હોવાનું તાજેતરમાં સામે આવી રહ્યુ હતુ. ત્યારે આ શખ્સનું નામ નહી ખોલવા માટે લખતર પોલીસ મથકના કોન્સ્ટેબલ સરદારસીંહ પરમારે રૂપિયા ૫૦ હજારની લાંચની માંગણી કરી હતી. ત્યારે આ શખ્સ નાણાંકીય વ્યવહાર કરવા માંગતો ન હોઈ તેને એસીબીને જેમાં બુધવારે બપોરે લખતર પોલીસ મથકમાં જ ગોઠવાયેલી ટ્રેપમાં સરદારસીંહ પ્રવીણસીંહ પરમાર રૂપિયા ૫૦ હજાર લેતા મોરબી એસીબીએ ગોઠવેલા છટકામાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા. આથી તેઓને સુરેન્દ્રનગર એસીબી કચેરીએ લઈ જવાયા હતા અને તેમની સામે ભ્રષ્ટાચાર અધિનિયમની કલમો સાથે ફરિયાદ નોંધવી હતી.



MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT